# ભારતીય રેલ્વે એકાઉન્ટ્સ સેવા

ભારતીય રેલ્વે એકાઉન્ટ્સ સેવા અધિકારીઓ ભારતીય રેલ્વેના એકાઉન્ટ્સ અને નાણાકીય બાબતોના વ્યવસ્થાપન અને દેખરેખ માટે જવાબદાર છે. રેલ્વેના તમામ વ્યવહારોની ઝીણવટપૂર્વક તપાસ કરવી અને રેલવેની આવક સામે માન્ય/કાયદેસ રીતે રીતે ખર્ચ પાત્ર હોય ફક્ત તેવા જ વ્યવહારોની નોંધ કરવી એ તેમની કામગીરીનો એક આવશ્યક ભાગ છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ખર્ચ અને આવકનો ચોક્કસ હિસાબ અને નોંધ રાખી શકો છો
- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમે ગણિતમાં સારી પક્કડ ધરાવો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૮,000 થી ૨,00,000*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, કોમર્સ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન અથવા સંબંધિત વિષમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા આયોજિત ભારતીય રેલવે વ્યવસ્થાપન સેવા પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વર્ગ-એ કેન્દ્રીય નાગરિક સેવા અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧00 થી ૨,૨૫,000*** જેટલું હોય છે.

સ્રોત:https://upsconline.nic.in/daf/daf2_csm_2022/eGazette_CSM_Engl.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે, સરકારી એજન્સીઓ અને મંત્રાલયના વિભાગો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**સિવિલ એન્જિનિયરીંગ, મિકેનિકલ એન્જિનિયરીંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા કોમર્સ કે એકાઉન્ટન્સીમાં ડિગ્રી ઉપલબ્ધ કરાવતી હોય તેવી ભારતમાં આવેલી કોઈપણ માન્યતા પ્રાપ્ત કોલેજ.**

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ નાણાકીય સલાહકાર/ મદદનીશ વિભાગીય નાણાકીય વ્યવસ્થાપક/ મદદનીશ વર્કશોપ એકાઉન્ટ્સ ઓફિસર/ મદદનીશ નાણાકીય સલાહકાર (ટ્રાફિક) → વરિષ્ઠ મદદનીશ નાણાકીય સલાહકાર/ વિભાગીય નાણાકીય વ્યવસ્થાપક/ વર્કશોપ એકાઉન્ટ્સ અધિકારી/ વરિષ્ઠ સહાયક નાણાકીય સલાહકાર → નાયબ નાણાકીય સલાહકાર અને મુખ્ય એકાઉન્ટ્સ ઑફિસ → નાયબ નાણાકીય સલાહકાર અને મુખ્ય એકાઉન્ટ્સ ઓફિસર/ ડિરેક્ટર (રેલ્વે બોર્ડ) → નાણાકીય સલાહકાર અને મુખ્ય એકાઉન્ટ્સ ઓફિસર/ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (રેલ્વે બોર્ડ) → મુખ્ય નાણાકીય સલાહકાર અને મુખ્ય એકાઉન્ટ્સ ઓફિસર/ સલાહકાર (રેલ્વે બોર્ડ) → જનરલ મેનેજર/ ડિરેક્ટર જનરલ/ વધારાના સભ્ય (રેલ્વે બોર્ડ) ) → નાણાંકીય કમિશનર

## સાફલ્ય ગાથા

**શ્રી સંજીત** ૧૯૯૮ બેચના ભારતીય રેલ્વે એકાઉન્ટ્સ સર્વિસ (આઈ.આર.એ.એસ.) અધિકારી છે. હાલમાં તેઓ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયમાં સંયુક્ત સચિવ અને નાણાકીય સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. શ્રી સંજીત, જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી, ઈન્ટરનેશનલ સ્ટડીઝમાં અનુસ્નાતક અને એમ.ફિલની ડિગ્રી ધરાવે છે. તેમણે એમ.બી.એ. પણ કરેલ છે.*

સ્રોત: https://bit.ly/3JtpvXU

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

યુ.પી.એસ.સી., સિવિલ સર્વિસ, ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસ એકઝામ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ